# ભારત-ચીન વચ્ચે સહકારના નવા યુગનો આરંભ

## મલ્ટિપલ સેસનોમાં મોદી-ઝિગપિંગ વચ્ચે આશરે છ કલાક સુધી વાતચીત : બંધ બારણે બેઠકથી લઈ દરિયાકાંઠે સુધી ચર્ચા : મતભેદ દુર કરવા સંમત : ભારતમાં થયેલા શાનદાર સ્વાગતથી ઝિગપિંગ પ્રભાવિત : ત્રીજી અનૌપચારિક બેઠક માટે મોદીને ચીન આવવા આમંત્રણ

મહાબલીપુરમ, તા. ૧૨

તમિળનાડુના શહેર મમલ્લાપુરમ (મહાબલીપુરમ)માં ભારત અને ચીનની વચ્ચે ઉતારચઢાવવાળા સંબંધોમાં આજે એક નવા યુગની શરૂઆત થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચીની પ્રમુખ શી ઝિનપિંગની સાથે બે દિવસમાં આશરે છ કલાક વાતચીત કરી હતી. વાતચીત બાદ બંને પડોશી દેશોએ આ નવા સંબંધોને ચેન્નઈ કનેક્ટનું નામ આપ્યું છે. મોદીએ કહ્યું છે કે, બંને દેશ છેલ્લા ૨ હજાર વર્ષના મોટાભાગના ગાળામાં આર્થિક મહાસત્તા તરીકે રહ્યા છે અને ફરીવાર મહાસત્તા બનાવવાની દિશામાં વધી રહ્યા છે. ગયા વર્ષે વુહાન બેઠકનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, તેમની ભાવના મુજબ મતભેદોને વિવાદોનું કારણ બનવાની તક અપાશે નહીં. સાથે સાથે બંને દેશો એકબીજાની ચિંતાઓને ધ્યાનમાં લઈને આગળ વધશે. આ સંદર્ભમાં ચીની પ્રમુખે પણ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, તેઓ પોતાના ભવ્ય સ્વાગતથી ખુબ જ રોમાંચિત છે. બેઠકમાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય મુદ્દાઓ ઉપર વાતચીત થઈ છે. તમિળનાડુના કોવલમ સ્થિત ફિશરમેન કોવ રિસોર્ટમાં મોદી અને ઝિગપિંગ વચ્ચે આજે એક કલાક સુધી વાતચીત ચાલી હતી. બંધ બારણેથી લઈને દરિયા કિનારે સુધી બંને નેતાઓની વાતચીતનો સિલસિલો ચાલ્યો હતો. જેમાં ભારત તરફથી વિદેશમંત્રી જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સામેલ રહ્યા હતા. બંને નેતાઓએ વેપાર અને આતંકવાદ સહિતના મુદ્દાઓ ઉપર વાતચીત થઈ હતી.બંને નેતાઓ સાડા પાંચ કલાકથી વધુ સમય સુધી વન ઓન વન મિટિંગમાં રહ્યા હતા. બે દિવસ દરમિયાન મલ્ટીપલ સેસનનો દોર ચાલ્યો હતો. મોદીએ વાતચીત બાદ કહ્યું હતું કે, સહકારના નવા યુગની શરૂઆત થઈ રહી છે. ચેન્નઈ કનેક્ટ મારફતે બંને દેશોમાં સહકારના નવા યુગની શરૂઆત થઈ રહી છે. લક્ઝરી રિસોર્ટ ખાતે પ્રતિનિધિ સ્થરની વાતચીત પણ યોજાઈ હતી. મોદીએ કહ્યું હતું કે, ભારત અને ચીન વર્ષોથી વૈશ્વિક આર્થિક સત્તાઓ તરીકે છે. મોદીએ પોતાના સંબોધનમાં ચીનની સાથે મતભેદોને ઉકેલવા વુહાન રોડ મેપનો ઉલ્લેખ કર્યો હતો. વુહાન સ્પીરિટથી સંબંધોમાં નવી ગતિ આવી છે. ચીની પ્રમુખ શી ઝિનપિંગે આજે તેમની ઐતિહાસિક ભારત યાત્રાના બીજા દિવસે જુદા જુદા કાર્યક્રમો અને મિટિંગોમાં હાજરી આપી હતી. પ્રથમ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ઐતિહાસિક સ્મારકોને નિહાળ્યા બાદ અને તેમની સાથે ભારત આવી પહોંચ્યા બાદ પ્રથમ અનૌપચારિક બેઠક રાત્રે યોજ્યા બાદ આજે સવારે ફરીથી બેઠકોનો દોર શરૂ થયો હતો.





પ્રથમ દિવસે જ્યારે ઝિનપિગ ભારત પહોંચ્યા ત્યારે તમિળનાડુના મહાબલીપુરમ ખાતે ઐતિહાસિક સ્થળો પર ભ્રમણ કરવા માટે પહોંચ્યા હતા. ત્યારબાદ મોદી અને ઝિનપિંગ અડી કલાક સુધી ડિનર વેળા સાથે રહ્યા હતા. જેમાં જુદા જુદા મુદ્દા પર ચર્ચા થઈ હતી. આજે સવારમાં ઝિનપિંગનો કાફલો ચેન્નાઈના હોટેલ આઈટીસી ગ્રાન્ડ ચોલાથી કોવલમ માટે રવાનો થયો હતો. જ્યાં મોદી સાથે તેમની બેઠક યોજાઈ હતી. જેમાં જુદા જુદા વિષય પર ફરી એકવાર ચર્ચા થઈ હતી. બંને નેતાઓ વચ્ચે ત્યારબાદ પ્રતિનિધીસ્તરની વાતચીત પણ થઈ હતી. આ સંયુક્ત વાતચીત દરમિયાન વિદેશ પ્રધાન જયશંકર ખાત હાજર રહ્યા હતા.

## ઝિગપિંગે કાશ્મીર મુદ્દે એક પણ વખત કોઈ ચર્ચા ન કરી

મહાબલીપુરમ, તા. ૧૨

ચીનના પ્રમુખ શી ઝિગપિંગની બે દિવસની ભારત યાત્રા ભારત માટે પણ રાજદ્વારી રીતે સફળ રહી છે. હાલમાં જ કાશ્મીરના મુદ્દાને વારંવાર ઉઠાવનાર ચીને કાશ્મીર મુદ્દાનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. કાશ્મીરના મુદ્દાને વારંવાર ઉઠાવીને ભારત પહોંચેલા ચીની પ્રમુખે ભારતના જોરદાર વિરોધ બાદ વાતચીત દરમિયાન ભારતના આ આંતરિક મુદ્દાને છેડવાના પ્રયાસ કર્યા ન હતા. મોટી બાબત એ રહી છે કે, ભારત આતંકવાદના મુદ્દાને ચર્ચાના વિષય તરીકે બનાવવામાં સફળ રહેતા તેની મોટી સફળતા રહી છે. તેવી આશંકા દેખાઈ રહી હતી કે કાશ્મીર મુદ્દાના કારણે બંને નેતાઓની વાતચીત પાટાપરથી ખડી પડશે. જોકે, આ આશંકા બિનજરૂરી સાબિત થઈ છે. આ આશંકાને એ વખતે બળ મળ્યું હતું જ્યારે પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાન સાથેની વાતચીત દરમિયાન ચીને કાશ્મીર ઉપર યુએન ચાર્ટરનો ઉલ્લેખ કરીને આ દિશામાં આગળ વધવાની માંગ કરી હતી. જોકે, ભારતે ચીનના વલણ સામે જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી. વિદેશ સચિવ ગોખલે એ કહ્યું હતું કે, મોદીની સાથે વાતચીત દરમિયાન કાશ્મીરના મુદ્દા પર એક પણ વખત ચર્ચા થઈ નથી. જ્યારે આતંકવાદ પર વિસ્તાર પુર્વક ચર્ચા થઈ છે. તેમણે કહ્યું હતું કે, બંને દેશોએ આતંકવાદના મુદ્દા પર સાથે મળીને લડવાની વાત કરી છે. ભારતે પહેલાથી જ કહી દીધું હતું કે, કાશ્મીર ભારતના આંતરિક મામલા તરીકે છે. આવી સ્થિતિમાં ચીની નેતા સમક્ષ આ મુદ્દાને રજુ કરવામાં આવશે નહીં. જો ચીની પ્રમુખે આ મુદ્દે કોઈ વાત ઉઠાવી હોત તો મોદી ભારતના વલણ સાથે પહેલાથી જ તૈયાર હતા. જોકે, ચીની પ્રમુખ વાતચીત દરમિયાન કાશ્મીરના મુદ્દા પર કોઈ વાત કરવા માટે આગળ આવી શક્યા ન હતા. ચેન્નઈ સમિટમાં મોટાભાગે દ્વિપક્ષીય અને ક્ષેત્રીય મુદ્દા પર ચર્ચા થઈ છે.

ભારતની રાજદ્વારી રણનીતી રંગ લાવી છે અને ચીની પ્રમુખ સમક્ષ પણ મોદી સફળતા પૂર્વક કાશ્મીરના મુદ્દા ઉપર રજુઆતને ટાળવામાં સફળ રહ્યા છે. વિજય ગોખલેએ કહ્યું હતું કે, કાશ્મીરના મુદ્દે ભારતની સ્થિતિ બિલકુલ સ્પષ્ટ રહી છે. પહેલાથી જ આ અંગે જાણ કરવામાં આવી હતી. ભારતે અગાઉ કાશ્મીરના મુદ્દે વાતચીતને લઈને ચીનના વલણની જોરદાર ઝાટકણી કાઢી હતી. ગોખલેએ કહ્યું હતું કે, ચીન ભારતના વલણથી વાકેફ છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવિશ કુમારે હાલમાં જ કહ્યું હતું કે, કાશ્મીરના મુદ્દા પર કોઈ પણ ચર્ચાને ચલાવી લેવામાં આવશે નહીં.

## મમલ્લાપુરમ બીચ પર પ્રધાનમંત્રી મોદીએ સફાઈ કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો

### મોદીએ મમલ્લાપુરમ દરિયાઇ કાઠે સાફ સફાઇ કામગીરી કરી વિડિયો શેયર કર્યા





મહાબલીપુરમ,તા.૧૨

સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે પોતે આમાં યોગદાન આપતા નજરે પડ્યા હતા. પોતાના મમલ્લાપુરમ પ્રવાસ દરમિયાન મોદીએ આજે સવારે દરિયાકાઠા પર સ્વચ્છા પ્રક્રિયા હાથ ધરી હતી. મોદીએ આને લઈને વિડિયો પણ જારી કર્યો છે. વિડિયોમાં મોદી દરિયા કિનારે કચરાને લઈને સ્વચ્છતા કાર્યક્રમમાં ભાગ તેના નજરે પડ્યા હતા. વિડિયોની સાથે મોદીએ લખ્યુ છે કે આજે સવારે તેઓ મમલ્લાપુરમ ખાતે બીચ પર સાફ સફાઈ કરવા માટે પહોંચ્યા હતા. આ કામ આશરે અડધા કલાક સુધી કર્યુ હતુ. પોતાના તરફથી એકત્રિત કરવામાં આવેલા કચરાને તેઓએ જયરાજને આપી દીધો છે. જે હોટેલ સ્ટાફનો હિસ્સો છે. મોદીએ આગળ લખ્યુ છે કે હવે આ બાબતની ખાતરી કરવાની જરૂર છે કે અમારા જાહેર સ્થળો વધારે સ્વચ્છ રહી શકે. મોદી હાલમાં ચીની પ્રમુખ શી ઝિનપિંગની ભારત યાત્રાના ભાગરૂપે ચેન્નાઈ પહોંચેલા છે. જ્યા તેમની સાથે વાતચીત ચાલી રહી છે. વુહાનમાં વાતચીતની પ્રક્રિયા શરૂ થયા બાદ બંને નેતાઓ વચ્ચે આ બીજી અનૌપચારિક બેઠક મહાબલીપુરમ ખાતે યોજાઈ છે. શી જિનપિંગ અને અન્યોનું સ્વાગત ભવ્યરીતે કરવામાં આવ્યું હતું. હેલિકોપ્ટર દ્વારા શીના આગમન પહેલા જ મોદી મહાબલીપુરમ પહોંચી ગયા હતા અને અર્જુનના પુજા સ્થળ ખાતે ચીની નેતાનું સ્વાગત કર્યુ હતું. મોદીએ ઐતિહાસિક સ્થળો અંગે ચીની નેતાને મહત્વની માહિતી આપી હતી. શી જિનપિંગના સ્વાગત માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. આવતીકાલે વાતચીતની શરૂઆત થશે ત્યારે વિશ્વની નજર કેન્દ્રિત રહેશે. બંને નેતાઓએ કૃષ્ણા બટર બોલનું ભ્રમણ કર્યુ હતું. ૨૫૦ ટન વજન ધરાવનાર આ કુદરતી ચટ્ટાન પ્રવાસીઓ માટે ખુબ લોકપ્રિય છે. આ ચટ્ટાન અંગે કહેવામાં આવે છે કે, ૧૨૦૦ વર્ષથી આ ચટ્ટાન એક જ જગ્યાએ છે.

## પીએમસી કૌંભાડમાં HDILની ૨૧૦૦ એકર જમીન જપ્ત કરાશે

મુંબઈ,તા. ૧૨

સમગ્ર દેશને હચમચાવી મુકનાર મહારાષ્ટ્ર કોઓપરેટિવ બેંક કોંભાડમાં તપાસ કરી રહેલી તપાસ સંસ્થાઓને દરરોજ નવી નવી વિગતો જાણવા મળી રહી છે. પીએમસી કોંભાડના મામલે નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. હાલમાં જ એચડીઆઈએલના એક બંગ્લાને સીલ કરી દેવામાં આવ્યા બાદ ઈડી દ્વારા હવે કંપની, તેના પ્રમોટર સારંગ વાધવાનની માલિકીવાળી આશરે ૨૧૦૦ એકર જમીનની માહિતી મેળવી લીધી છે. જેના કારણે ખળભળાટ મચી ગયો છે. આ જમીન વસઈ-પાલઘર પટ્ટામાં હોવાનુ સપાટી પર આવતા તપાસ સંસ્થાઓની નજર આ જમીન પર કેન્દ્રિત થઈ ગઈ છે. જમીનો વસઈ-પાલઘર પટ્ટાના જુદા જુદા ગામોમાં હોવાની વિગત સપાટી પર આવ્યા બાદ હજુ તપાસ ચાલી રહી છે. એમ માનવામાં આવે છે કે આ જમીનોની કુલ કિંમત ૩૫૦૦ કરોડ રૂપિયાની છે. ઈડી દ્વારા આ જમીનોને જપ્ત કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામા આવી છે. જો કે આનુ કામ હજુ ધીમી ગતિથી ચાલી રહ્યુ છે. આ ખાલી રહેલી જમીન પર હાલમાં કોઈનો કબજો નથી. ઈડીના અધિકારી આ બાબતની તપાસ કરી રહ્યા છે કે આ જમીનોને વાધવાન પરિવારના સભ્યોના નામ પર ખરીદવામાં આવી છે કે પછી એચડીઆઈએલના નામ પર જમીનોની ખરીદી કરવામાં આવી છે.

## જમ્મુ કાશ્મીરમાં સોમવારથી પોસ્ટ પેઈડ સેવા શરૂ કરાશે

જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ ધીમી ધીમે સામાન્ય બની રહી છે. રાજ્ય વહીવટીતંત્ર દ્વારા સોમવારથી હવે પોસ્ટપેઈડ મોબાઈલ સેવા ફરી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. સોમવારના દિવસે બપોરના ૧૨ વાગ્યાથી પોસ્ટપેઈડ મોબાઈલ સેવા ફરી શરૂ કરી દેવામાં આવશે. રાજ્યમાં કલમ ૩૭૦ની નાબુદી બાદ કઠોર ધારાધોરણ અમલી કરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે મોબાઈલ સેવા પણ બંધ કરવામાં આવી હતી. પરંતુ હવે ધીમે ધીમે સ્થિતિ સામાન્ય બની રહી છે. જેના કારણે જરૂરી સેવાઓ ફરી શરૂ કરવામાં આવી રહી છે. કલમ ૩૭૦ અને કલમ ૩૫-એને દુર કરવામાં આવ્યા બાદ મોબાઈલ અને ઈંટરનેટ સેવા બંધ કરવામાં આવી હતી. જમ્મુ કાશ્મીરમાં સ્થિતી ઝડપથી સામાન્ય બની રહી છે. જમ્મુ કાશ્મીરમાં સ્થિતી હળવી બનતા કઠોર નિયમોને દુર કરવામાં આવી રહ્યા છે. જમ્મુ કાશ્મીરના મુખ્ય સચિવ રોહિત કંસલે કહ્યુ હતુ કે શ્રીનગરમાં આજે પત્રકાર પરિષદનુ આયોજન કર્યુ હતુ.

## ૧૦૮ કિલોનો શાનદાર લેંપ, સિલ્ક શાલ સુપરત

મહાબલીપુરમ,તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચીની પ્રમુખ શી ઝિગપિંગને કેટલીક ખાસ ભેંટ આપી છે. જેમાં નચિયારકોઈલ દીપ, તંજાવુર પેન્ટિંગ-ડાંસિગ સરસ્વતીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઝિગપિંગને એક ખાસ શોલ અને પેન્ટિંગ ભેટમાં આપી છે. લેપ અંગે કેટલીક ખાસ વિશેષતા રહેલી છે. આઠ લોકપ્રિય કલાકારો દ્વારા મલીને તેનું નિર્માણ કરાયું છે. છ ફુટ ઉંચા અને ૧૦૮ કિલોગ્રામ વજન ધરાવતા આ દીપને પિતળોથી બનાવવામાં આવ્યું છે. જેના પર સોનાની ચાદર લગાવવામાં આવી છે. આને બનાવવામાં ૧૨ દિવસનો સમય લાગ્યો છે. તેમણે અન્ય મહત્વપૂર્ણ પેન્ટિંગો સુપ્રત કરી છે.



**ધાનેરામાં ભુગર્ભ ગટર યોજનામાં વપરાયેલ મટીરિયલમાં દેખાતો મોટો ભષ્ટ્રાચાર**


ધાનેરા માં પાણી પુરવઠા વિભાગ માં ભુગર્ભ ગટર યોજના માટે સરકાર શ્રીએ ૧૮ કરોડની ગ્રાન્ટ મંજુર કરેલ છે પરંતુ ખરેખર આ ગ્રાન્ટમાં ખૂબ મોટો ભ્રષ્ટાચાર થયેલો જોવા મળી આવે તેમ છે?બે વર્ષના કોન્ટ્રાક્ટ માં આજે પાંચ વર્ષ પૂરા થયા હોવા છતાં પણ કામ અધુરૂ જોવા મળી રહ્યું છે કોન્ટ્રાક્ટર દ્વારા ભુગર્ભ ગટરો ઉપર મુકવામાં આવેલ ગટર નાં ઢાંકણા પણ હલકી કક્ષાના હોવાથી મોટા ભાગના ઢાંકણાં અમુક જગ્યાએ તુટેલા જોવા મળ્યા હતા કોન્ટાકટરો દ્વારા તકલાદી મટીરીયલ વાપરી પોતાનો લાભ લઈ રહ્યા છે? જો આ બાબતે તટસ્થ તપાસ કરવામાં આવે તો ધાનેરા માં મોટું કૌભાંડ જોવા મળી શકે તેમ છે આ બાબતે સરકાર શ્રી તેમજ ઉપરી અધિકારીઓ દ્વારા તપાસ કરે તેવી લોકોની માંગ છે.

### બનાસકાંઠામાં પ્રથમ મહિલા પાયલોટ તરીકેનું બિરૂદ પામનાર

## પાલનપુરની રાગીણી પરમાર હાલમાં દિલ્હી એરઈન્ડિયામાં પાયલોટ તરીકે ફરજ બજાવી રહી છે

અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી તે કહેવત ને પાલનપુરની એક યુવતીએ ખરા અર્થમાં સોર્થક કરી બતાવી છે. નાનપણથી જ આકાશમાં વિમાન ની ઉડાન ભરવાનું સપનું જોનાર રાગીણી પરમાર નામની યુવતી ઉચ્ચ અભ્યાસ અને કઠોર પરિશ્રમ કરીને આખરે પાયલોટ બનવા નું સપનું સાકાર કર્યુ છે.

બનાસકાંઠામાં પ્રથમ મહિલા પાયલોટ તરીકે નું બિરૃદ પામનાર પાલનપુરની રાગીણી પરમાર હાલ માં દિલ્લી એરઈન્ડિયામાં પાયલોટ તરીકે ફરજ બજાવી રહી છે.પાલનપુરમા વર્ષોથી રહેતા નિવૃત રેવન્યું મામલતદાર અને વિસનગર તાલુકાના ગાગરેટ ગામના વતની ઈશ્વરભાઈ પરમારની પુત્રી રાગીણી બનાસકાંઠા જિલ્લાની પ્રથમ મહિલા પાયલોટ બની છે. શિક્ષિત પરીવારની યુવતી ને નાનપણ થીજ આકાશમાં વિમાન ચલાવવા નું સપનું સેવ્યું હતું. અને મોટા થઈ ને પાયલોટ બનવા માટે તેને ભણતર માં મન પરોવી લીધું હતી. રાતદિવસ લેખન વાંચન કરી રાગીણી પરમારે પાલનપુરની કુંવરબા સ્કૂલ માં ધો.૧૨માં ઉચ્ચ ટકાવારી સાથે ઉત્તીર્ણ થઈ હતી. જે બાદ તેને પાયલોટ ની તૈયારીઓ શરૃ કરી. જેમાં તે પાસ થઈ જતા અમદાવાદ તેમજ નાગપુર માં ચાર વર્ષ પાટલોટ તાલીમ મેળવી હતી. અને વર્ષ ૨૦૧૬ માં પાયલોટ ની ભરતીમાં રાગીણીનું પાયલોટ તરીકે સિલેકશન થયું. અને તે બાદ બેંગકોક માં ટ્રેનિગ લઈ દિલ્લી એરઈન્ડિયા માં તેને પાયલોટ ની ભરતી માં રાગીણીનું પાટલોટ તરીકે શિલેકશન થયું તેને અનેદિલ્લી એરઈન્ડિયા માં તેને પાયલોટ તરીકે નિમણુંક આપવામાં આવી.



જોકે બનાસકાંઠામાં પ્રથમ મહિલા પાટલોટ બનનાર પાલનપુરની રાગીણી હાલ દિલ્લી થી દહેરાદુન, જબલપુર, ભીટીન્ડા સહિતના એરપોર્ટ પર વિમાન ની આકાશી ઉડાન ભરી રહી છે. સાથે દીકરીઓ ને સ્વાનિર્ભર બનવા માટે ઉચ્ચ શિક્ષણ મેળવાનો સંદેશો આપી રહી છે.

### તપાસ પૂર્ણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટીમે મનપા આરોગ્ય તંત્રની મુલાકાત લઈ અને થોડાક પ્રશ્નો પણ કર્યા હતા. આરોગ્ય તંત્ર દ્વારા ટીમ સમક્ષ એક પ્રેઝન્ટેશન પણ રજુ કરવામાં આવ્યુ હતુ. ટીમે જે દર્દીઓ ઓ.પી.ડી. અને ઈનડોર ઓ.પી.ડી.માં આવે છે તેમના સાજા થવાના પ્રમાણ સહિત ઘણા બધા મુદ્દાઓની ચકાસણી કરી હતી. ટીમે ચાર દિવસ આ બે સેન્ટરોની મુલાકાત પાછળ લીધા હતા. જો આ સર્ટિફિકેટ મળશે તો રાજ્યનું પ્રથમ મહાનગર થશે જેના ચારેય અર્બન હેલ્થ સેન્ટરો આ પ્રમાણપત્ર ધરાવતા હશે.

### મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલુ

કેલેન્ડર, મોટા કટ-આઉટ્સ ઉપરાંત એક ઘડિયાળ પણ લગાવી છે. જે ચિત્રો દ્વારા તેઓ પોતાનું જીવન દર્શાવે છે. ૯૬ વર્ષની ઉંમરે પહોંચેલા વૃદ્ધ યુવાને સાબિત કરી આપ્યું છે કે જો જીવવાની જિજિવિષા હોય, મોટા સપનાઓ હોય, ઈચ્છાઓ જીવતી હોય, જીવનની એક એક ક્ષણને જીવતા આવડતું હોય, સકારાત્મકતા હોય, અને સતત કાર્યશીલ - પ્રવૃતિશીલ રહેવાથી હંમેશાં યુવાન રહી શકાય છે.

યુવાનીને ઉંમર સાથે કોઈ લેવાદેવા નથી. શરીરમાં બધી શક્તિ મનની હોય છે. ધર્મપાલજીએ પોતાના મન ઉપર વિજય મેળવી લીધો હતો તેથી તેઓ માનસિક રીતે મજબૂત બનીને આજે પણ સતત કામ કરે છે. અને સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. સફળતા સામેથી તમારી પાસે આવે જ છે. એને આવવું જ પડે છે. તો આવો આપણે સૌ સાથે મળીને બોલીએ "અસલી મસાલે સચ સચ - MDH"

- 9426060601.india@gmail.com

## સાત પીએસયુમાં વ્યૂહાત્મક વેચાણ માટે સરકાર ઈચ્છુક

મોદી સરકાર સાત પીએસયુના વ્યૂહાત્મક વેચાણની દિશામાં આગળ વધવાની તૈયારી કરી ચુકી છે. સાત પીએસયુમાં વેચાણને લઈને તમામ તૈયારીઓ કરવામાં આવી ચુકી છે. આ પીએસયુની યાદી પણ તૈયાર કરી લેવામાં આવી ચુકી છે. પવનહંસ જેવા અન્યોમાં પણ સરકાર રસ ધરાવે છે. અટલ બિહારી વાજપેયી સરકારે પોતાના ગાળા દરમિયાન વ્યૂહાત્મક વેચાણની દિશામાં આગેકૂચ કરી હતી. હાલમાં જ કેન્દ્રીય કેબિનેટે હિન્દુસ્તાન પેટ્રોલિયમમાં સરકારી હિસ્સેદારીને લઈને નિર્ણય કરવામાં આવ્યો હતો. પેટ્રોલિયમ સેક્ટરમાં પણ મજબૂતી લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. સુત્રોએ કહ્યું છે કે, સરકાર દ્વારા વ્યૂહાત્મક વેચાણની યાદીમાં અડધી ડઝન જેટલી કંપનીઓને મુકી દીધી છે જેમાં પ્રોજેક્ટ એન્ડ ડેવલપમેન્ટ, નેશનલ પ્રોજેક્ટ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન, એન્જિનિયરિંગ પ્રોજેક્ટ ઈન્ડિયા, હિન્દુસ્તાન પ્રેફબ અને હોસ્પિટલ કન્સલ્ટન્સી કોર્પોરેશનનો સમાવેશ થાય છે. કેટલીક કંપનીઓપબ્લિક સેક્ટર ક્ષેત્રમાં યોગ્ય લોકોની શોધખોળ કરી રહી છે. ડિસઈન્વેસ્ટમેન્ટ મારફતે સરકાર અતિ ઝડપથી આગળ વધવા માંગે છે. સાત પીએસયુમાં વ્યૂહાત્મક વેચાણ માટેની યાદી તૈયાર કરવામાં આવી છે જેમાં પવનહંસનો સમાવેશ થાય છે.